**આંક–૨૨**

| | |
|---|---|
| રજૂ તારીખ | ૧૮/૦૮/૨૦૨૦ |
| દાખલ તારીખ | ૧૮/૦૮/૨૦૨૦ |
| ફેંસલ તારીખ | ૩૦/૦૩/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષઃ૦૫ માસઃ૦૭ દિનઃ૧૨ |

**શ્રી એચ.કે.મેરીયા,ન્યાયાધીશ,લેબર કોર્ટ,સુરત સમક્ષ**

**ટી.અરજી નં.૯૪/૨૦૨૦**

**અરજદારઃ** **સુરેશસીંગ જીલ્લેદારસીંગ,ઉ.આ.વ.૪૮,**

**રહે**–પ્લોટ નં.૪૭,૪૮,કર્મયોગી–૨,ગવાલકનગર,
હાઉસીંગ બોર્ડ પાંડેસરા,સુરત–૩૯૪૨૨૦

**–વિરુધ્ધ–**

**સામાવાળાઃ** **માલિક/વ્યવસ્થાપકશ્રી**

**(૧) ભાવેશભાઈ મોહનભાઈ પટેલ**

**કનૈયા ટેક્ષટાઇલ્સના (મુળ માલિક)**

સરનામુ–પ્લોટ નં.૬૮–ડી,પ્લોટ નં.૫૬,૫૭,

જય જલારામ ઈન્ડ સોસા.,વડોદ ગામ રોડ,બમરોલી,
સુરત–૩૯૪૨૧૦

**(૨) કિરભાઈ પટેલ તે નં.૧ના માલિકનું ખાતુ ભાડે રાખનાર**

સરનામુ–પ્લોટ નં.૬૮–ડી,પ્લોટ નં.૫૬,૫૭,

જય જલારામ ઈન્ડ સોસા.,વડોદ ગામ રોડ,
બમરોલી,સુરત–૩૯૪૨૧૦

**હાજર રહ્યાઃ**

અરજદાર તર્ફે– વિ.વ.શ્રી.પી.એફ.બક્ષી

સામાવાળા તર્ફે– કોઈ હાજર નથી.

સુધીનો પગાર ચુકવી આપવાની સામાવાળાઓએ બાંહેધરી આપી હોવા છતાં અરજદારના એવરેજ પગાર મુજબનો પગાર ચુકવી આપેલ નથી તેમજ અરજદારે સામાવાળાને ત્યાં લોકડાઉન પુરા થયા બાદ તા.૧૮/૦૫/૨૦૨૦ પછી થી તા.૨૦/૦૫/૨૦૨૦ ના રોજ થી કામ શરૂ કરેલ અને તા.૧૩/૦૬/૨૦૨૦ સુધી કામ કરેલ છે અને તા.૧૩/૦૬/૨૦૨૦ ના રોજ અરજદારે સામાવાળાઓની પાસે ઉપર જણાવ્યા મુજબનો કુલ–૧૦૫ દિવસનો પગાર રૂ.૬૯,૯૩૦/– ચુકવી આપવા સામાવાળાઓને જણાવતા,સામાવાળાઓ એકદમ ગુસ્સે થઈ ગયેલા અને પગાર ચુકવી આપવાનો ચોખ્ખો ઈન્કાર કરેલ અને તાત્કાલીક નોકરી છોડી ચાલ્યા જવાનું જણાવેલ.જે બાબતે અરજદારે આજીજી કરતા અરજદારનો બાકી પગાર ચુકવી આપવાની વિનંતી કરતા સામાવાળાઓએ તે બાબતનો ચોખ્ખો ઈન્કાર કરી દીધેલ અને હવેથી નોકરી પર આવતા નહી તેવુ સ્પષ્ટ જણાવેલ અને નોકરીમાંથી અરજદારને ગેરકાયદેસર છુટા કરી દીધેલ છે.સામાવાળાઓએ અરજદારને કોઈપણ જાતના વાંક–ગુન્હા વિના એકાએક તા.૧૩/૦૬/૨૦૨૦ ના રોજથી કામ પર લેવાની ચોખ્ખી ના પાડી છે.વધુમાં જણાવેલ છે કે,અરજદારને તા.૧૩/૦૬/૨૦૨૦ના રોજથી નોકરીએ તેમના કોઈપણ જાતના વાંક કે ગુના વગર કોઈપણ જાતની નોટીસના બદલામાં પગાર આપ્યા વગર કે કાયદેસરના હકકો અધિકારોનું વળતર ચુકવ્યા વગર કે રીટ્રેચમેન્ટ કોમ્પેનસેશન ચુકવ્યા વગર કે શો–કોઝ નોટીસ આપીને ખાતાકીય તપાસ કર્યા વગર કે તેઓને બચાવની ન્યાયી અને વ્યાજબી તક આપ્યા વગર માત્ર મૌખિક હુકમથી નોકરીમાંથી છુટા કરી દેવામાં આવેલ છે.જે સામાવાળાનું કૃત્ય અયોગ્ય,અન્યાયી, ગેરવ્યાજબી અને ગેરકાયદેસરનું છે.વધુમાં જણાવેલ છે કે,સામાવાળાને તા.૧૩/૦૬/૨૦૨૦ ના રોજ છુટા કર્યા અગાઉ કોઈપણ જાતના હકક હિસ્સાના નાણાં કે નોટીસ પગાર,છટણી વળતર,ગ્રેજયુઈટી, બાકી બોનસ નાણાં,બાકી હકકરજાના નાણાં, અઠવાડીક રજાના નાણાં, ઓવરટાઈમ કર્યા અંગેના નાણાં,માંદગીની રજાના નાણાં વિગેરે ચુકવી આપેલ નથી તથા અરજદાર સામાવાળાને છુટા કરી બેકાર બનાવી અને અરજદાર નોકરી કરવા તૈયાર છે.આમ, સામાવાળાનું પગલું ગેરકાયદેસર, ગેરવ્યાજબી,

બજવણી કરાવવાનો હુકમ કરેલ ત્યારબાદ સદર કામે બેલીફશ્રીએ આંક–૯ ની નોટીસ એવા શેરા સાથે વગર બજયે પરત કરેલ છે કે,આજદીન સુધી કામદાર નોટીસ બજવણી કરાવવા આવેલ નથી તેમજ સદર કામે આંક–૧૦ થી રજૂ થયેલ નોટીસમાં બેલીફશ્રીએ એવો શેરો કરેલ છે કે,નોટીસના જણાવેલ સરનામે અરજદારને સાથે રાખી સામાવાળા નં.૨ ની તપાસ કરતા જાણવા મળેલ તેઓ ખાતુ ખાલી કરી બીજે ક્યાંક ચાલ્યા ગયેલ છે સદર નોટીસ સામાવાળા નં.૨ મળી આવતા ન હોય જેથી સદર નોટીસ વગર બજે પરત કરેલ છે.ત્યારબાદ અરજદાર તરફેથી આ કામે આંક–૧૧ થી સામાવાળાને નોટીસ ચોળી બજાવવા સારૂ અરજી રજૂ કરતા જે મારા પુરોગામી સાહેબશ્રી દ્વારા નામંજૂર કરવામાં આવેલ છે.ત્યારબાદ સદર કામે અરજદાર તરફેથી આંક–૧૪ થી સામાવાળાને નોટીસનો હાથબીડો રજી.એ.ડી કરવા માટે અરજી રજૂ કરતા જે મારા પુરોગામીશ્રી દ્વારા મંજૂર કરવામાં આવેલ ત્યારબાદ સદર કામે અરજદાર પક્ષેથી આંક–૧૬ થી સામાવાળાઓને રજી.એ.ડી.થી નોટીસની બજવણી કર્યાના દસ્તાવેજી પુરાવા રજૂ કરેલ છે ત્યારબાદ સદર કામે અરજદાર પક્ષેથી આંક–૧૭ થી સામાવાળાનો લેખિત જવાબ રજૂ કરવાનો હકક બંધ કરવા સારૂ અરજી રજૂ કરતા જે અરજી સૌપ્રથમ સાંભળવવા માટે મુલત્વી રાખવામાં આવેલ હતી અને સદર અરજી અન્વયે સામાવાળા તર્ફેથી કોઇ રજૂઆત નહી કરતા આ કામે આંક–૧૭ ની અરજી લગત હુકમ કરી સામાવાળાનો લેખિત જવાબ રજૂ કરવાનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.ત્યારબાદ આંક–૧૮ થી અરજદાર તર્ફેથી એફીડેવીટથી પુરાવો રજૂ કરેલ છે.ત્યારબાદ આ કામે અરજદારની આંક–૧૯ ની અરજી લગત સામાવાળાનો ઊલટતપાસનો હકક બંધ કરવામાં આવેલ છે.ત્યારબાદ અરજદાર તર્ફેથી આંક–૨૦ થી કલોઝીંગ પુરસીસ રજૂ કરેલ છે.ત્યારબાદ અરજદાર તર્ફેથી આંક–૨૧ ની અરજી લગત સામાવાળાનો પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ.સદર કામે અરજદાર તર્ફેથી તેમની અરજીને અનુરૂપ મૌખિક દલીલ અત્રેની કોર્ટ સમક્ષ રજુ કરેલ છે જયારે સામાવાળા તર્ફેથી દલીલના તબકકે પણ કોઇ હાજર નહી રહેતા સદર કામે પ્રોસીડીંગ લગત સામાવાળાનો દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

